# ફૂલ તો એની ફોરમ ઢોળી રાજી

તમે આજે એક વિશાળ ઉપવનમાં પ્રવેશ કરી રહ્યા છો ત્યારે, તમે માત્ર વૃક્ષ-વેલી-છોડ-લતા ઉપર ઝૂલતાં કે ઝૂમતાં ફૂલ કે ફળ અથવા તેના નાનાં-મોટાં કૂંપળ-પાંદડાને જોઇ તેનાં રૂપ-રંગ-સુગંધ અને રોનકના વખાણથી અટકી ન જતાં, તેને તમારા પોતાના જીવન-ઉપવનમાં, વાવણી કરવા સુધી, મનને લંબાવજો.

અંદર જઈ પસાર થવાનું કરશો ત્યારે ઘણું બધું જોવા સમજવાનું અને જાણવાનું મળશે. એને માત્ર માહિતી-સંગ્રહના ઉમેરા માટે 'મને ખબર છે' તે ભાવને ઉપયોગમાં લઈ, ફુલાવાનું ન રાખતા. **જ્યાં, જે વાંચીને માથું સહેજ હલવા માંડે, આંખો પહોળી થાય, ત્યાં થોભી જજો ! શાન્ત ચિત્તે આંખો મીંચીને ઊંડાણમાં જજો !**

કયા લખાણથી, કયા વાચનથી કયો લાભ લઈ શકાય તેની મને કશી ગતાગમ નથી, પણ **તમે જેવા છો તેમાંથી કાંઈક વધુ સારા, વધુ સાચા બનવાની કોશિશ કરજો.** શબ્દો, શબ્દો જ ન રહે; તેને વધુ સારા બનવાના ખપમાં લેજો.

મારે પણ આ માટે ઘણાં પૂર્વજ પુરુષોનો, સમકાલીન વ્યક્તિઓનો ઋણ સ્વીકાર કરવાનો છે. એ જ્ઞાની પુરુષનો ઉપકાર પહેલા માનવાનો છે. એ બધાનાં વચનોના આધારે જ આ શબ્દો આવ્યા છે. મારે વાચકોનું ઋણ સ્વીકારવાનું પણ મન છે. લખાણની ખૂબીઓ વાચકોએ બતાવી છે, જે મારી જાણમાં ન હતી.



Melbourne Shwetambar Jain Sangh

**જે સંયોગોમાં, જેવું ઉપરથી આવ્યું, જેવું સૂઝ્યું, જેવું આવડ્યું, તે મેં કાગળ પર ઉતાર્યું. વાચકો સુધી પહોંચાડયું. હવે આ પુસ્તક જાણે અને વાચકો જાણે !**

કવિ મકરન્દના ગીતની પંક્તિનો અર્થ, મારી રીતે અહીં બંધ બેસે છે. બી વેર્યાં પછી વાવણીને માફકસર અને માપસરના વરસાદનું કામ વાદળ જાણે ! જેમાં બીજ વેર્યાં-વાવ્યાં તેને કણસલાં સુધી પહોંચાડવાનું કામ વસુંધરા જાણે ! બી વેર્યાં પછી, તે ઊગ્યાં, ન ઊગ્યાં તો કેમ ન ઊગ્યાં એની મેં ખેવના રાખી નથી. એ માટે પણ કવિ મકરન્દની પંક્તિ ખપમાં લેવા મન થાય છે :

**ફૂલ તો એની ફોરમ ઢોળી રાજી,**
**નહીં કોઈનું ફરિયાદી, નહી કોઈનું કાજી.** ( મકરન્દ દવે )

અને સાચે જ, લખાણમાં એ નિરપેક્ષતા આવે છે, પણ વખાણ (વ્યાખ્યાન)માં તો અપેક્ષા રહે જ છે. લખાણમાં એ લાભ ખરો !

લખતી વખતે ઉછીનું લેવાનું ટાળ્યું છે. અંદર-અંદર ઘૂંટાયા પછી જ કાગળ પર આણ્યું છે. છતાં પણ આ બધું લખાણ મારું નથી. મારા દ્વારા પીરસવામાં આવ્યું એ માટેનો મારાપણાનો દાવો નથી. **હા ! મનમાં એવું છે ખરું કે મને જે ગમ્યું તે બધાને ગમે તો કેવું સારું ! એ ભાવ તો સતત રમતો રહ્યો જ છે.**

એ સમજણ પણ ભ્રમ વિનાની છે કે આવાં બધાં પુસ્તકોનું અસ્તિત્વ કાળ-મહારાજની વણથંભી વણઝારમાં તો એક ક્ષુદ્ર બિંદુ માત્ર છે. તે ગરમ તવા ઉપર પડશે તો 'છમ્' થઈને ઊડી જશે. કોઈક માહિતી-પ્રેમી વાચકના હૃદયે વસશે તો કમળપત્રનાં જળબિંદુને મોતીની ઉપમા મળે છે તેવું બનશે,



Melbourne Shwetambar Jain Sangh

અને **કોઈક ભદ્ર સ્વભાવી હૃદયને આ શબ્દોનો યોગ સાંપડશે તો તે અંદર જઈને તેને સત્-સંમુખ બનાવશે – મોતી બનાવશે તો એમાં બિંદુની સાર્થકતા છે, ધન્યતા છે, ચિરંજીવિતા છે.**

આમ તો, મારા આનંદ માટેની આ પ્રવૃત્તિ રહી. ખાસ કરીને, વિહાર-વર્ણનના લેખનમાં, શત્રુંજય દાદાના અભિષેકના આનંદથી છલકાતાં લખાણમાં, ચન્દનબાળા-શાલિભદ્ર-ઝાંઝણ (રાજ્ય વાત્સલ્ય) વગેરે **કથાઓને આલેખતી વખતે કો'ક અપાર્થિવ-લોકમાંથી સીધો સંદેશ આવતો હોય તેવું અનુભવ્યું છે. એ ક્ષણો ધન્ય હતી !** પદાર્થસ્પષ્ટીકરણમાં પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજનો ઉપકાર છે. કથા-લેખનની રસાળતા માટેનો યશ પૂજ્યપાદ આચાર્ય મહારાજ શ્રી ધર્મધુરન્ધરસૂરિ મહારાજને ફાળે આપવાનો છે.

કથા-લેખન કે પદાર્થ સમજૂતીની રીત માટે, પંન્યાસ રાજહંસવિજયજીની સાથે શેર (Share) કરી હતી. 'પાઠશાળા'ના ઘણાં-ખરાં લખાણોના પહેલા વાચક પંન્યાસ રાજહંસવિજય મહારાજ હોય ! એ ચર્ચાઓમાં આ બધું મોકળાશથી વિચારાયું હતું અને તેથી જ એનું 'પોત' આવ્યું છે. પછીના વાચકમાં રમેશભાઈનું નામ આવે. આમ, લખવાનું ચાલતું રહ્યું છે.

'પનો' કેવો છે – ટૂંકો છે કે બરાબર છે એ તો વાચકો જ નક્કી કરે તેવી ઇચ્છા રહી છે. લખેલું બીજા વાંચે; મને ગમ્યું તે એમને પણ ગમ્યું છે – એમ જાણવા મળે ત્યારે ખુશી થાય એ સ્થિતિ તો છે જ ! ઊણપ તરફ આંગળી ચીંધે તે પણ ગમે છે.



Melbourne Shwetambar Jain Sangh

**લખતાં પહેલાં મનોમન પ્રાર્થના થઈ જતી હતી. એ પ્રાર્થના આ છે :**

**ॐ वाङ् मे मनसि प्रतिष्ठता, मनो मे वाचि प्रतिष्ठितम् ।**
**(મારી વાણી મનમાં સ્થિત થાઓ, મારું મન વાણીમાં સ્થિત થાઓ.)**

**એ પછી, જે સહજ મળ્યું તે કાગળની આ છાબમાં ભરી, વાચકોના કરમાં ભરી દીધું. મને એ બધું સહજ મળ્યું હતું તેવું જ સહજ દીધું.** કવિ શ્રી લાલજી કાનપરિયાએ એ બધો ભાવ, ગીતમાં ગૂંથીને આમ ગાયો છે. એમની સાથે હું પણ મારો સૂર ભેળવું છું :

## સહજ મળ્યું તે

સહજ મળ્યું તે લીધું, મેં તો સહજ મળ્યું તે લીધું.
ખળખળતા ઝરણાનું પાણી અમરત માની પીધું !

આવળ-બાવળનાં ફૂલોમાં રૂપ ગુલાબી દીઠાં
વનવગડામાં ભમતાં લાગે ચણીબોર પણ મીઠાં !

ક્ષણ ક્ષણ જીવને ડંખે એવું કરમ ન એક્કે કીધું
સહજ મળ્યું તે લીધું, મેં તો સહજ મળ્યું તે લીધું.

ચપટી મળ્યું તે ગજવે ઘાલ્યું, મણની લાલચ છોડી
આતમને અજવાળે મેં તો ધરમ ધજાયું ખોડી !

આડો-અવળો મારગ મેલી જાવું છે ઘર સીધું
સહજ મળ્યું તે લીધું, મેં તો સહજ મળ્યું તે લીધું!

**- પ. પૂ. આચાર્ય શ્રી પ્રદ્યુમ્ન સૂરિ મહારાજ**
**પાઠશાળા ગ્રંથ-૧ ની (આંશિક) પ્રસ્તાવના**



Melbourne Shwetambar Jain Sangh



# હૈયાનો હોંકારો

જયારે તમે એક કામમાં સંપૂર્ણ તન્મય અને તદાકાર થાવ છો ત્યારે તે કામ તમારી પાસે હૈયું ખોલીને વાત કરે છે. તમને તે કામમાં આગળ આગળ વધવાની સૂઝ પણ પડતી જાય છે. વચ્ચે વચ્ચે તમારા કામનો તમને અંદરથી હોંકારો ય મળતો રહે છે. કયારેક તો કોઈ કામ સુંદર રીતે પાર ઉતરે ત્યારે અંદરથી શાબાશી પણ સંભળાતી હોય છે.

- પ. પૂ. આચાર્ય શ્રી પ્રદ્યુમ્ન સૂરિ મહારાજ

પાઠશાળા અંક ૦૧

# અભંગદ્વાર 'પાઠશાળા' : મારું એક સ્વપ્ન

વર્તમાન શ્રી સંઘમાં છેલ્લા છેલ્લા વર્ષોમાં નૈમિત્તિક અનુષ્ઠાનો પૂરબહારમાં ખીલ્યાં છે. ઉપધાન, સામુદાયિક ઓળી, છ'રી પાળતાં સંઘ, કંઠાભરણતપ, શ્રેણિતપ, સિદ્ધિતપ વગેરે નૈમિત્તિક અનુષ્ઠાનોનો શંખ ગામો-ગામ દર વર્ષે ફૂંકાય છે. આ સરખામણીએ, પહેલાં થતાં હતાં તે નિત્ય તપો, જેવાં કે : રાત્રિ-ભોજન ત્યાગ, ઉકાળેલું પાણી, બ્રહ્મચર્યપાલન, બહેનોનું અંતરાયપાલન, અભક્ષ્યત્યાગ, વિદળત્યાગ, કંદમૂળત્યાગ વગેરે નિત્ય અનુષ્ઠાનો હવે સીદાવા લાગ્યાં છે !

**નૈમિત્તિક અનુષ્ઠાનો થવાં જોઈએ, ખૂબ થવાં જોઈએ, પણ તે બધાં નિત્ય અનુષ્ઠાનોમાં કારણ બનવા જોઈએ.** ઉપધાનતપ કરે તેને કાયમ સચિત્તનો ત્યાગ હોવો જોઈએ. માસક્ષમણ કરે તેને કાયમી ધોરણે ઉકાળેલું પાણી પીવું જોઈએ. અટ્ઠાઈતપ કરનારે હંમેશને માટે ચાતુર્માસ દરમિયાન રાત્રિભોજનનો ત્યાગ હોવો જોઈએ. આ રીતે જો થાય તો ધર્મનાં મૂળ જીવનમાં ઊંડાં ઊતરે. પરંતુ **આજકાલ આ નિત્ય અનુષ્ઠાનોના મૂળ હેતુનું જ્ઞાન ન હોવાના કારણે ઉપેક્ષા થતી હોય તેમ લાગે છે. તેથી પાપભીરુતા વગેરે અંતરંગ ધાર્મિકતા લુપ્ત થતી જોવા મળે છે.**

બીજી બાજુ, જો શ્રીસંઘને વિશાળ એવા ત્રણ ભાગમાં વહેંચીએ તો, **એક વર્ગ છે જ્ઞાનરુચિ વાળો. તેને વ્યાખ્યાન શ્રવણમાં રુચિ-રસ હોય છે.** તે સાંભળવા માટે આવે છે. ઉત્તમ, બોધદાયક અને વિચારપ્રેરક વચનો સાંભળવાની તે ઇચ્છા પણ રાખે છે. પણ તેની પાસે અપેક્ષિત ઊંડો બોધ ન હોવાને પરિણામે, તેને શ્રવણક્રિયા જ થાય છે ! બુદ્ધિમાં કશું ટકતું નથી.



Melbourne Shwetambar Jain Sangh

શ્રવણકળાને અંતે શ્રવણયોગ સિદ્ધ થવો જોઈએ તે થતો નથી. એક દાખલો લઈએ. પર્વાધિરાજના દિવસોમાં ગણધરવાદના વ્યાખ્યાનોમાં તે વર્ગ મોટી અપેક્ષાએ આવે છે. શહેરોમાં તો ગણધરવાદનું વ્યાખ્યાન સાંભળવાનો મોટો ક્રેઝ (craze) હોય છે, તે વર્ગ મોટી સંખ્યામાં આવે છે. પણ ત્રણ કલાકના શ્રવણ પછી તે શું લાભ પામે છે ? જો તેની પાસે 'આત્મા છે, તે નિત્ય છે, કર્મનો કર્તા છે, ભોક્તા છે, મોક્ષ છે, મોક્ષનો ઉપાય છે.' આવા ષટ્સ્થાન વગેરેનો અભ્યાસ હોય તો તેને જરૂર લાભ થાય. પણ તેની પાસે જ્ઞાન ખાતે સિલકમાં કાંઈ હોતું નથી.

**બીજો વર્ગ છે ક્રિયારુચિ વાળો. તે વર્ગ તે તે ક્રિયા કરતાં કરતાં તે ક્રિયાને ક્રિયાકાંડ બનાવી દે છે.** તે તે ક્રિયાને ક્રિયાયોગમાં પરિણમાવતો નથી. તે તે ક્રિયાવિધિમાં અપેક્ષિત બહુમાન - ઔચિત્ય જોઈએ તે નથી હોતું. અરે ! તે ક્રિયાઓના અર્થ-રહસ્ય-હેતુ સુધ્ધાં જાણવાની જિજ્ઞાસા હોતી નથી. એવા જ્ઞાનની દિશામાં પ્રયત્ન જ નથી હોતો.

**ત્રીજો એક વર્ગ છે ધ્યાનરુચિ વાળો. તેને યોગ, અધ્યાત્મ, ધ્યાનમાં રસ-રુચિ હોય છે** અને એ અપેક્ષા લઈને જ તે આવતો હોય છે. તેને અહીં કશુ સંતોષકારક મળતું નથી. ધ્યાનને બદલે ધમાલ દેખાય છે. તેથી તે બીજે, વિપશ્યના, પ્રેક્ષા, અગાસ જેવા વિકલ્પ તરફ વળી જાય છે.

**આવા ત્રણેય વર્ગની સમસ્યાનો ઉપાય કે ઉકેલ માત્ર એક જ છે - "પાઠશાળા".** પે'લા જાણીતા દુહામાં બતાવેલી ચાર સમસ્યા - "પાન સડે, ઘોડા હડે, વિદ્યા વીસર જાય અને તવા ઉપર રોટી જલે" નો એક જ જવાબ છે "ફેરી નહીં" તેમ અહીં પણ આપણી ત્રણેય સમસ્યાનો એક જ ઉત્તર મળે છે "નાણ નહીં".



Melbourne Shwetambar Jain Sangh

આ જ્ઞાન માટે શ્રાવક સંઘમાં બીજા કોઈ સ્રોત (source) રહ્યા નથી. માત્ર એક જ ઉપર નજર ઠરે છે : એ છે તે "પાઠશાળા".

આ પાઠશાળાનું પણ જીર્ણોધ્ધારકાર્ય થવું જરૂરી છે. તેનો ઢાંચો તળિયાથી ટોચ સુધી બદલવો અનિવાર્ય છે. પહેલી વાત એ કે તેનું સ્વતંત્ર મકાન હોવું જોઈએ. અને તેમાં ગમે તે સમયે ત્યાં ભણવા જઇ શકાય એવી ગોઠવણ હોવી જોઈએ. **જો આયંબિલખાતાનું સ્વતંત્ર મકાન હોય તો શ્રીસંઘના મૂળના સિંચન જ્યાં થાય છે તે પાઠશાળાનું સ્વતંત્ર વિશાળ મકાન કેમ નહીં ?** તેને હવે અગ્રતાક્રમ (priority) આપવો જ પડશે. ત્યાં નિશ્ચિત સ્થાને અધ્યાપક બેસે. વિદ્યાર્થી-વિદ્યાર્થીની માટે પણ કુદરતી હવા-ઉજાશવાળા ઓરડા હોવા જોઈએ. દાનનો મોટો પ્રવાહ હવે જ્ઞાનના ક્ષેત્રમાં વાળવાની તાતી જરૂર જણાય છે.

એ પાઠશાળાના જ મકાનમાં એક સુંદર - સર્વાંગસંપૂર્ણ ગ્રન્થાલય પણ હોવું જોઈએ. **ગ્રન્થાલય તો મારું એક સપનું છે; તે ચોવીસે કલાક ખુલ્લુ રહેવું જોઈએ. ચોવીસ કલાક ખુલ્લી રહેતી દવાની દુકાન હોય તો ચોવીસ કલાક ખુલ્લી રહેતી ગ્રન્થાલય ને પાઠશાળા કેમ ન હોવા જોઈએ ?** આ માત્ર તરંગ નથી. આજે પણ વિદેશની યુનિવર્સિટીઓમાં ચોવીસ કલાક ખુલ્લા રહેતા આવા ગ્રંથાગાર હોય છે જ. રાત્રે બે વાગ્યે પણ વિદ્યાર્થીને વાંચતા વાંચતા કોઇ સંદર્ભ ગ્રન્થ (Reference Book) ની જરૂર પડે તો નિઃસંકોચ ત્યાં જઇ શકે. ત્યાં એક ગ્રંથપાલ હાજર જ હોય અને તેને જોઇતો ગ્રન્થ મળી રહે.

**આપણે તો જ્ઞાનના પૂજારી ગણાઈએ છીએ. તો આપણી જ્ઞાનની આ પરબ ખુલ્લી જ રહેવી જોઈએ.** એટલું નહીં પણ



Melbourne Shwetambar Jain Sangh

નવા નવા વાચકવર્ગને ત્યાં આવવાનું આકર્ષણ રહે તેવું વાતાવરણ હોવું જોઈએ. જ્ઞાન સંબંધી બધી જ માહિતી ત્યાંથી મળે. ચૈત્યવંદન, સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ જેવી વિધિઓમાં આવતા તમામ શબ્દોના અર્થ મળી આવે તેવી એક વિશદ ડિક્ષનેરી (શબ્દકોશ) પણ ત્યાં મળવી જોઈએ. જેથી સૂત્રજ્ઞાનની સાથે અર્થજ્ઞાન પણ વિદ્યાર્થી સહજપણે મેળવી શકે. **પૂજ્યપાદ હરિભદ્રસૂરિજીએ "લલિત વિસ્તરા"માં 'અર્થબોધ વિનાના સૂત્રપાઠને સૂકી શેરડી ચાવવા જેવો' કહ્યો છે.**

પંચપ્રતિક્રમણસૂત્ર (આચાર સૂત્ર), જીવવિચાર-નવતત્ત્વ (પદાર્થ સૂત્ર) ભણાવાય છે તે ઉપરાંત પંચસૂત્ર-ચઉશરણ જેવા શુદ્ધિસૂત્રો, ઋષભ પંચાશિકા જેવાં ભક્તિ સૂત્રો, યોગસાર, સમતાશતક જેવા વિચારસૂત્રો ભણાવવાં જોઈએ. આ માટે ભરપૂર પ્રચાર પણ થવો જોઈએ. **"અહીં ભણાવાય છે, ભણાવાશે" તેવી રીતસરની જાહેરાત થવી જોઈએ.**

શ્રીસંઘમાં આવો ભાર સમ્યગ્જ્ઞાનની પરબ જેવી પાઠશાળા માટે આપવામાં આવે તો, આમાનું કશું જ અશક્ય નથી. **કામચલાઉ ક્ષણિક કામોમાં દર વર્ષે કેટલો મોટો અર્થવ્યય, શ્રમવ્યય અને શક્તિવ્યય થાય છે જ. તેની સાથે આવા કાયમી કાર્યમાં પણ એ બધું વાળવામાં આવે તો શ્રીસંઘ નંદનવન બની જાય.** આટલું આજની પાઠશાળા વિશે.

**- પ. પૂ. આચાર્ય શ્રી પ્રદ્યુમ્ન સૂરિ મહારાજ**
**પાઠશાળા અંક ૦૧**



Melbourne Shwetambar Jain Sangh